ડાયરેક્ટ ❤ સે

દુનિયામાં
સૌથી મોટો 'ખાડો'
એટલે 'દેખાડો'
એનાથી બચીએ
તો સૌ સલામત રહીએ

જન્મદિને વધામણી

બીનાબા શંકરસિંહ રાણા

જાગૃતિ વ્યાસ
લાયોનેસ ક્લબ

લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ

કર્વ ગુંજન ઠક્કર
મો. ૯૭૩૭૮ ૯૯૮૮૭

પરિધિ શ્રેયાંસ રાણા
મો. ૯૮૨૪૯ ૨૦૫૫૨

વિહાન દેવાંગ ટાંક
મો. ૯૩૨૭૦ ૭૮૪૪૭

વિવાન દેવાંગ ટાંક
મો. ૯૩૨૭૦ ૭૮૪૪૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

ખેલ મહાકુંભ-૨૦૧૮ની સત્તાવાર જાહેરાત

સ્પર્ધા માટે ઑનલાઈન રજિસ્ટ્રેશન વેબસાઈટ http://www.khelmahakumbh.org પર કરાવી શકાશે

ગાંધીનગર, તા. ૧૭

રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલ મહાકુંભ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા શાળા કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા સુધીની ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ ગાંધીનગર મહાનગર પાલિકા અને ગ્રામ્ય માટે આગામી દિવસોમાં યોજાશે.

ખેલ મહાકુંભમાં અન્ડર-૯થી સિનિયર સિટિઝન સુધીના નાગરિકો અલગ અલગ ૩૪ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે. શાળા, કૉલેજોમાં અભ્યાસ કરતા હોય, ના કરતા હોય, સરકારી-ખાનગી સંસ્થામાં નોકરી કરતા હોય કે ખાનગી વ્યવસાય કરતા હોય તેવા તમામ નાગરિકો ખેલ મહાકુંભમાં ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષાથી રાજ્યકક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા ખેલાડીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. રાજ્યકક્ષાએ વિજેતા થનારા ખેલાડીઓના કોચીઝને પણ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. આ સ્પર્ધા માટે ઑનલાઈન રજિસ્ટ્રેશન વેબસાઈટ http://www.khelmahakumbh.org પર કરી શકાશે. દરેક નાગરિકે આધાર કાર્ડનો નંબર રજિસ્ટ્રેશન માટે ફરજિયાત આપવાનો રહેશે અને સ્પર્ધા સમયે આધાર કાર્ડ સાથે રાખવાનું રહેશે.

આ અંગેની વધુ માહિતી વી બી દત્તા, જિલ્લા રમતગમત અધિકારી, સી વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર (ફોન નંબર : ૨૩૨૪૦૩૨૪) પાસેથી મળી રહેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર, પેથાપુર ખાતે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી રાધાકૃષ્ણ દેવ તથા હિંડોળામાં ઝુલતા શ્રી હરિકૃષ્ણ મહારાજને સ્વતંત્રતા દિવસ નિમિત્તે ત્રિરંગાના શણગાર કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં ભાવિકોએ આ અનોખા શણગારમાં ઓપતા ભગવાનનાં દર્શનનો લ્હાવો લીધો હતો.

એસ જી પ્રાઈમરી સ્કૂલમાં બેસ્ટ પ્રેસ રિપોર્ટર સ્પર્ધા

એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૫ થીટ ના વિધ્યાર્થીઓ માટે વિવિધ હાઉસ પ્રમાણે તા-૦૧૪ -૦૮-૨૦૧૮ને બુધવારના રોજ નાથીબા હોલમાં બેસ્ટ પ્રેસ રિપોર્ટર સ્પર્ધાનું આયોજન થયું. આ સ્પર્ધામાં વિધ્યાર્થીઓએ નોટ બંધી ,ક્રિકેટ મેચ ,ચંદ્રગ્રહણ, ભારે વરસાદ,નવરાત્રિની રજાઓ વગેરે વિષય પર વિધ્યાર્થીઓએ રિપોર્ટ રજૂ કર્યા હતા.. આ સ્પર્ધામાં પ્રથમ નંબર ગાંધી (બ્લ્યુ) હાઉસનો, આવ્યો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

સોજા હાઈસ્કૂલ ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૭

કલોલની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે ૭૨મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સોજા કેળવણી મંડળના મંત્રી અરવિંદભાઈ અંબાલાલ શાહના વરદ્‌હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શ્રી સોજા કેળવણી મંડળના પ્રમુખ નારાયણભાઈ એસ પટેલ સહિત હોદ્દેદારો, વરિષ્ટ નાગરિકો, સમાજના આગેવાનો, સોજા હાઇસ્કૂલના સારસ્વતો, કન્યા-કુમાર શાળાના શિક્ષકો, અધ્યેતાઓ, ભામાશા દાતાઓ, સમાજિક સેવાભાવી સહકારી મંડળી-સંસ્થાઓના સદસ્યો અને વિશાળ સંખ્યામાં ગ્રામજનોની પ્રેરક ઉપસ્થિતિમાં શાળાનું પટાંગણ દેશભક્તિમય અને રોમાંચક બની રહ્યું હતું.

વિવિધ રંગારંગ કાર્યક્રમો, યોગ-અંગકસરતના પ્રયોગો, દેશદાઝ જન્માવતાં ગીતો-કાવ્યો-પ્રસંગોનું ગાન તથા દેશભક્તિ પ્રેરિત પ્રાસંગિક પ્રવચનમાળા પણ આ ઉપક્રમમાં અભિપ્રેરક બની રહ્યાં હતાં. આઝાદીના લડવૈયા એવા વીર સપૂતો અને આપણા રાષ્ટ્રના શહીદ જવાનોને હૃદયસ્થ શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.

વિદેશમાં ભણવું હોય તો કઈ પરીક્ષા આપવી પડશે?

નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર.

હવે આપ અમને ફેસબુક પર લાઇક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

૧. હું અત્યારે હાલમાં ગ્રેજ્યુએશન કરી રહી છું. હવે વિદેશમાં આગળ અભ્યાસ કરવો કે ભારતમાં સરકારી નોકરી માટે પ્રયાસ કરવો તેમાં મૂંઝવણ છે. અને જો વિદેશમાં ભણવું હોય તો કઈ પરીક્ષા આપવી પડશે? માર્ગદર્શન આપવા વિનંતી.
- દિશા, ગાંધીનગર

દિશા તમે તમારી કારકિર્દીને જે દિશામાં લઈ જવા માંગતા હોવ ત્યાં લઈ જઈ શકો છો. તમે જણાવેલ બંને વિકલ્પ ખૂબ સરસ છે. વિદેશમાં બહોળી તકો છે અને

ભારતમાં તકોની કોઈ કમી નથી. વિદેશ જવા માટે સૌથી પેહલા તમારે કયા દેશમાં જવું છે તે નક્કી કરવું પડશે. તમે ૨-૩ દેશોને વિકલ્પ તરીકે પસંદ કરી શકો છો. તેના પછી કયો અભ્યાસ ક્રમ ત્યાં કરવો છે તે નક્કી કરો અને તદુપરાંત તેને લગતી પરીક્ષાઓ તમારે આપવી પડશે. સામાન્ય રીતે વિદેશમાં અભ્યાસ માટે આઇ.ઈ.એલ.ટી.એસ., ટી.ઑ.ઈ.એફ.એલ., એસ.એ.ટી., જી.આર.ઈ., જી.એમ.એ.ટી.જેવી પરીક્ષાઓ આપવી પડતી હોય છે. હવે તમારા બીજા વિકલ્પની, એટ્લે કે સરકારી નોકરીની, વાત કરીએ તો તેમાં પણ તમારી પાસે ઘણા વિકલ્પ છે. સૌથી પેહલા એ નક્કી કરો કે રાષ્ટ્રીય કક્ષાની નોકરી જોઈએ છે કે રાજ્ય કક્ષાની. રાજ્ય સરકાર દ્વારા લેવાતી પરીક્ષા અલગ પ્રકારની હોય છે કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી પરીક્ષાઓ કરતાં. જે પણ સ્તર તમે નક્કી કરો, તમારે તેને લગતી સ્પર્ધાત્મક પરીક્ષા જરૂર આપવી પડશે. ચોક્કસ પ્લાનિંગ સાથે મેહનત કરશો તો સફળતા જરૂર મળશે. સામાન્ય જ્ઞાન એટ્લે કે જી.કે.ની નિયમિત તૈયારી કરવાનું ભૂલતા નહીં. ઓલ ધી બેસ્ટ.

૨. હું બી.બી.એ.ના પેહલા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની છું. સી.ડી.એસ. અને એમ.બી.એ.ની પરીક્ષા વચ્ચે મૂંઝવણ છે. મારી ઈચ્છા સી.ડી.એસ.ની છે. આપની સલાહ આપવા વિનંતી છે.
- ઋચા, ગાંધીનગર

ઋચા બંને વિકલ્પ સારા છે. સી.ડી.એસ.ની પરીક્ષા પાસ કર્યા પછી તમે લશ્કરી દળોમાં ઓફિસર તરીકે ફરજ બજાવી શકો છો. એમબીએ કર્યા પછી પણ ખુબજ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે. તમને સી.ડી.એસ.માં વધારે રસ છે તો તમે એ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો. મહિલાઓને ઓફિસર ટ્રેનિંગ એકેડમી (નોન ટેકનિકલ)માં એન્ટ્રી મળતી હોય છે. પરીક્ષા પાસ કર્યા પછી સર્વિસ સિલેકશન બોર્ડ (એસ.એસ.બી.) પણ પાસ કરવું જરૂરી છે. તેથી

તમારી મેડિકલ અને મેન્ટલ ફિટનેસ પર અત્યારથી જ ધ્યાન રાખજો. ઓલ ધી બેસ્ટ.

૩. હું અત્યાર એક પ્રાઇવેટ કંપનીમાં જોબ કરું છું. એંજીન્યરિંગનો અભ્યાસ કર્યો છે. મારે ગવર્નમેંટ જોબ માટેની પરીક્ષાઓ આપવી છે પણ તૈયારી કરવા સમય નથી મળતો. કેવી રીતે પરીક્ષા માટે તૈયારી કરવી?
- રવિ, ગાંધીનગર

રવિ તમારી સમસ્યા ખૂબજ સામાન્ય છે. મોટાભાગના વર્કિંગ એક્સેક્યુટિવને આ સમસ્યા હોય છે. આનું નિરાકરણ ખૂબ સરળ છે. ટાઈમ મેનેજમેંટ. તમે જે પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છો તેના માટે તમારે દિવસમાં ૨-૩

કલાક ફાળવવા પડશે. તમારા આખા દિવસના શિડ્યુલમાં માત્ર ૨-૩ કલાકનો સમય પરીક્ષાની તૈયારીને આપો અને તમે સફળતા તરફ આગળ વધશો. તમારે દરેક ક્ષણનો સદ્‌ઉપયોગ કરવાનો છે. જ્યારે પણ સમય મળે ત્યારે વાંચી લેવું. તમારો આખો દિવસ, અઠવાડિયું અને મહિનો વ્યવસ્થિત પ્લાન કરો અને તે પ્લાનિંગને અમલમાં મૂકો. આમ મહત્વની વાત એ છે કે સમયનું મેનેજમેંટ કરવું પડશે અને જો તમે કરશો તો તમે ચોક્કસ ગવર્નમેંટ જોબ મેળવવામાં સફળતા મળશે. ઓલ ધી બેસ્ટ.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ આઈડી, મોબાઇલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

કરિયર કોર્નર
કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ
હાર્દિક કે. પરીખ

ઈમેલ: questions.careercorner@gmail.com
WhatsApp no. : 8849221653
Facebook : www.facebook.com/questions.careercorner

ઈન્ફીનિટી ટોયોટાના સહયોગથી ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ દ્વારા

"કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા"ની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૭

ઈન્ફીનિટી ટોયોટાના સહયોગથી ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ દ્વારા "કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા" (પ્રથમ વર્ષ)નું આયોજન થવા જઈ રહ્યું છે. આ સ્પર્ધાનું આયોજન અમદાવાદ ખાતે ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસના જે. એ. ઓડીટોરીયમ માં થશે. આ સ્પર્ધા સમગ્ર ગુજરાત અને મુંબઈના રંગકર્મી માટે યોજવામાં આવેલ છે. ભારતને ખૂણે ખૂણે યોજાતી રહેલી વિવિધ ભાષાઓની વિવિધ સ્તરની અને વિવિધ સ્વરૂપની એકાંકી સ્પર્ધાઓનો ઈતિહાસ ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રની ૧૯૫૧થી શરૂ થયેલી વિવિધ ભાષી એકાંકી સ્પર્ધાથી શરૂ થાય છે, એમ નિઃશંક કહી શકાય. ભવનની ઘણી સ્પર્ધાઓ વિશ્વના સૌથી વિખ્યાત મહોત્સવનું સ્વરૂપ લઈ ચૂકી છે. જાણીતા રંગકર્મીઓ જેવા કે પ્રબોધ જોશી, પ્રવીણ જોશી, કાન્તિ મડિયા, ઉપેન્દ્ર ત્રિવેદી, અરવિંદ ત્રિવેદી, વિજય આનંદ, રાજેશ ખન્ના, અમજદ ખાન, વિજયા મહેતા, અરવિંદ દેશપાંડે, ફારુખ મહેતા તેમજ ડૉ કાશીનાથ ઘણેકર તથા પ્રકાશ કાપડિયા, જમનાદાસ મજેઠીયા, દેવેન ભોજાની, સંજય છેલ, વિપુલ શાહ, હિતુ કનોડિયા, શર્મન જોષી, અંકુશ ચૌધરી, ભરત જાધવ, કેદાર શિંદે, પ્રવીણ સોલંકી, કમલેશ મોટા, લલિત શાહ જેવા અનેક ગુજરાતી, મરાઠી, અંગ્રેજી કલાકારોએ પોતાની પાપા પગલી આ મંચથી કરી અને આજે એમના નામ ખૂબ જ ગર્વથી લેવાય છે.

અને હવે ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેન્ટર ફોર આર્ટસ અમદાવાદ દ્વારા ભારતીય વિદ્યા ભવનની 'કુલપતિ કનૈયાલાલ મુનશી' (ઓપન) ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધાનો તખ્તો સજાવાયો છે જેમાં આજના યુવાનો પોતાની પ્રતિભા પ્રેક્ષકો સમક્ષ રજુ કરી શકશે. "કુલપતિ કનૈયાલાલ મુન્શી ગુજરાતી એકાંકી નાટ્ય સ્પર્ધા" ૨૪ સપ્ટેમ્બરથી શરુ થતી આ એકાંકી સ્પર્ધા કોલેજ પૂરતી માર્યાદિત ન રહેતા, કોઈપણ રજીસ્ટર્ડ / અનરજીસ્ટર્ડ સંસ્થા, મંડળ કે વ્યક્તિઓનું જૂથ સ્પર્ધામાં ભાગ લઈ શકે છે ના ફોર્મ ની વહેંચણી શરુ થઇ ચુકી છે ફોર્મ ભરવા ની છેલ્લી તા.૧૦/૦૯/૨૦૧૮ છે અને ડ્રો ની તારીખ ૧૩/૦૯/૨૦૧૮ ની રહશે તા.૨૪/૦૯/૨૦૧૮ થી તા. ૨૭/૦૯/૨૦૧૮ દરમ્યાન પ્રથમ ફેરી ક્વોલીફા ઈનગ રાઉન્ડની રેહશે ત્યારબાદ તા.૨૯/૦૯/૨૦૧૮ ને સાંજે ૭:૩૦ કલાકે ફાઈનલ નાટકો ની પ્રસ્તુતિ થશે.

આ સ્પર્ધામાં કુલ ૧ લાખ રૂપિયાનાં ઈનામો અને વિવિધ ટ્રોફી આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે રૂા. બે હજાર ફી નિયત કરવામાં આવી છે.

આ સ્પર્ધાની વધુ વિગતો અમદાવાદ ખાનપુર સ્થિત ભવન્સ કલચરલ એકેડમી અને સેંટર ફોર આર્ટસ (+૯૧ ૭૯૨૫૬ ૦૧૭૨૭/+૯૧ ૯૯૭૮૯ ૭૭૮૮૧/+૯૧ ૮૮૬૬૯ ૧૬૩૧૦) પરથી મેળવી શકાશે.

કૈલાશદીદીએ ધ્વજવંદન કરાવ્યું

પ્રજાપતિ બ્રહ્માકુમારી સંસ્થાનાં સંચાલિકા કૈલાશદીદીએ સેક્ટર-૮માં ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના ઘરઆંગણે સતત ૧૬મા વર્ષે આયોજિત સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં તેમણે ભાગ લીધો હતો. તેમની સાથે આ ઉજવમીમાં કિશોર જીકાદરા, સોલ્જર તિવારીજી, કિશોર જીકાદરા, મયુર જોશી, ડૉ. નીતા શેખાત, પિનાકીન વ્યાસ પણ જોડાયા હતા.

ચિલ્ડ્રન્સ યુનિ. દ્વારા સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

ભારતના ૭૨મા સ્વતંત્રતા પર્વની ઉજવણી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પટાંગણમાં કરવામાં આવી હતી. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કે એસ લિખિયા, કુલસચિવ કમલામણીબેવ રાવ, અધ્યાપકો, સ્ટાફ તથા યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિગીત, નૃત્ય, વક્તવ્ય અને સમૂહગીત જેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને આઝાદી પર્વને આનંદમય બનાવવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંકલન ડૉ. રૂપમબેન ઉપાધ્યાય દ્વારા અને આભારવિધિ ધર્માંશુભાઈ વૈદ્ય દ્વારા કરવામાં આવી હતી.

ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા ફેગરન્સ ઑફ હોમ સાયન્સ પ્રદર્શન

વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન ૨૦-૨૧ના રોજ યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના બીએ હોમ સાયન્સ વિભાગ દ્વારા 'ફેગરન્સ ઓફ હોમ સાયન્સ-૨૦૧૮' પ્રદર્શનનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા હેન્ડીક્રાફ્ટ્સ આર્ટીકલ્સ, હેન્ડમેઈડ જ્વેલરી, ગારમેન્ટ્સ, રાખડી, ચોકલેટ્સ, પર્ફ્યુમ્સ, ઓર્ગેનીક સોપ વગેરે વસ્તુઓનું પ્રદર્શન કરશે. નગરજનો માટે આ પ્રદર્શન નિહાળવા કોઈપણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. કૉલેજ દ્વારા રસ ધરાવતા સૌ નગરજનોને આ પ્રદર્શનનો લાભ લેવા કૉલેજ પરિવાર તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

પ્રદર્શન તા. ૨૦ અને ૨૧ ઑગષ્ટના રોજ સવારે ૮થી ૧ કલાક દરમિયાન કૉલેજ પરિસર ખાતે યોજવામાં આવ્યું છે.

શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી નિમિત્તે નૃત્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે હિરબા મહેન્દ્રસિંહ ગોલ, દ્વિતિય દૃષ્ટિ રોહિત અને તૃતિય ક્રમે હેન્સી ધીરજલાલ મોતીવારસ વિજેતા બન્યાં હતાં. બીએપીએસ સંસ્થાના અરવિંદભાઈ વાઘરોડિયા દ્વારા આ પ્રસંગે શિક્ષણ વિષયે ઉપયોગી સમજ આપવામાં આવી હતી. આચાર્ય નીરૂબેન જે પટેલે સ્વચ્છતા અભિયાન તથા મૂલ્યાંકન વિશે સમજ આપી હતી. સુપરવાઈઝર સંગીતાબેનના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.